તા. ૨૬/૫/૨૦૧૯ / રવિવાર / ફૂલછાબ

# જામનગર વેપાર ઉદ્યોગના વિકાસમાં ચેમ્બર સક્રિય

## ચેમ્બર ઓફ કોમર્સનો પદગ્રહણ સમારંભ :ગુજરાત ચેમ્બરના પ્રમુખ ડો.જૈમિન વસા તથા અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિ



ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનો પદગ્રહણ સમારંભ

જામનગરઃ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૧૯-૨૧ના સત્ર માટે નવા વરાયેલ પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજાનો પદગ્રહણ સમારંભ યોજાયો હતો.આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ જૈમિન આર.વસા અતિથિ વિશેષ તરીકે, મે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ ધનરાજ પી.નથવાણી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ દુર્ગેશ વી.બુચ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વાઈસ પ્રેસીડેન્ટ અમદાવાદના હેમંત એન.શાહ, જામનગર જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિ પારીક, રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી.વૈશ્નવ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભમાં નિવૃત થતા ચેમ્બર પ્રમુખ તુલસીભાઈ વી.ગજેરાએ તેમના સ્વાગત પ્રવચનમાં તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન સર્વેના સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી તેમજ નવા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજા તથા નવી કારોબારી સમિતિની ટીમની સાથે મળી કાર્ય કરવાની ખાત્રી આપેલ હતી તેમજ સમગ્ર નવી ટીમને શુભેચ્છા વ્યક્ત કરી હતી.

નિવૃત્ત થયેલ પ્રમુખ તુલસીભાઈ વી.ગજેરાને મુખ્ય મહેમાન ડો.જૈમિન આર.વસાએ તથા માનદ મંત્રી તરીકે ફરજ બજાવનાર બિપેન્દ્રસિંહ સી.જાડેજાને ધનરાજ પી.નથવાણીના હસ્તે તેમના કાર્યકાળ દરમિયાનની સ્મૃતિરૂપે ગત સત્રના ફોટોગ્રાફસનો આલ્બમ અર્પણ કરાયો હતો.

જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિ પારીકે પણ નવા વરાયેલ પ્રમુખ તથા કારોબારી સમિતીની સમગ્ર ટીમને શુભેચ્છા આપી ઉદ્યોગકારોને અને શહેરના વિકાસમાં સહકાર આપવા ખાત્રી આપી હતી.

અતિથિ વિશેષ દુર્ગેશભાઈ બુચે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જામનગરના વિકાસ માટે પ્રયાસો હાથ ધરવા ગુજરાત ચેમ્બર દ્વારા સાથ સહકાર આપવા ખાત્રી આપી હતી.

અતિથિ વિશેષ ધનરાજ પી.નથવાણીએ નવા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજાને શુભેચ્છાઓ આપી ચેમ્બરના દરેક કાર્યોમાં સાથ સહકાર આપવા ખાત્રી આપી હતી.

સમારોહના મુખ્ય મહેમાન ડો.જૈમિન આર.વસાએ તેમના પ્રવચનમાં ચેમ્બરના નવા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજા તથા કારોબારી સમિતિને શુભકામનાઓ પાઠવી હતી.તેમણે જામનગરના બ્રાસપાર્ટસના નાના ઉદ્યોગકારો માટેના વિકાસ માટે પ્રયાસો કરવા ખાત્રી આપી હતી.ગુજરાત ચેમ્બર દ્વારા એમએસએમઈ હેલ્પ ડેસ્ક, ટેક્નોલોજી અપગ્રેડેશન તથા સરકારી બેંકો દ્વારા નાના ઉદ્યોગકારોને લોન મળવા બાબત વિગેરે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.ગુજરાત ચેમ્બર દ્વારા જામનગરના ઉદ્યોગોના વિકાસમાં સાથ સહકાર આપવા અને સમયાંતરે બેઠકો યોજી પ્રશ્નોના નિરાકરણ લાવવા, ઉચ્ચસ્તરે રજૂઆતો કરવા જણાવ્યું હતું.

નવા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજાએ આ પ્રસંગે જામનગરના વેપાર ઉદ્યોગના અને શહેરના વિકાસમાં પોતે યોગ્ય પ્રદાન આપશે તેવી ખાત્રી આપી હતી.

સમારોહનું સંચાલન ઉપપ્રમુખ કમલેશ જે.રાઠોડે કર્યું હતું અને માનદ સંપાદક કૃણાલ વી.શેઠે આભારવિધિ કરી હતી.